# વિભાગ 2 : સેક્રેટરિયલ પ્રેક્ટીસ
# (SECRETARIAL PRACTICE)

## 4 સભ્યપદ
## (MEMBERSHIP)

**આ પ્રકરણમાં શીખવાના એકમો**

1. સભ્યપદનો અર્થ અને વ્યાખ્યા
2. સભ્યપદ અને શેર-હોલ્ડર વચ્ચેનો તફાવત
3. સભ્યપદ કોણ મેળવી શકે?
4. સભ્યપદ મેળવવાની રીતો
5. સભ્યપદનાં અંતનાં સંજોગો

## પુનરાવર્તન

1. **સભ્યપદનો અર્થ :** જે વ્યક્તિનું નામ લેખિત સંમતિથી અથવા શેર અરજી દ્વારા કંપનીના સભ્યપત્રકમાં નોંધવામાં આવેલ હોય તે કંપનીનો સભ્ય ગણાય.
2. **સભ્યપદની વ્યાખ્યા :** કંપનીધારા પ્રમાણે, 'જે વ્યક્તિએ કંપનીના આવેદનપત્રમાં સહી કરી સભ્ય થવા સંમતિ આપી હોય અને જે અન્ય વ્યક્તિ એ કંપનીના સભ્ય થવા લેખિત સંમતિ આપી હોય તે કંપનીનો સભ્ય ગણાય.'
   કંપનીધારા 2013 મુજબ, 'કંપનીના શેર ધારણ કરનાર વ્યક્તિ પોતાના શેર ડિપોઝિટરી પાસે પણ રાખી શકે છે. આ શેરધારકના નામ કંપનીના સભ્યપત્રકમાં નોંધાયેલ ન હોવા છતાં ડિપોઝિટરીની નોંધમાં લાભાર્થી માલિક તરીકે દર્શાવેલ હોવાથી તે પણ કંપનીનો સભ્ય ગણાય છે.'
3. **'વ્યક્તિ સભ્ય હોય, પરંતુ શેરહોલ્ડર ન હોય' :**
   (1) બાંયધરી આપી હોય તેવી વ્યક્તિ
   (2) આવેદનપત્રમાં સહી કરનાર વ્યક્તિ.
   (3) સભ્યપત્રકમાંથી નામ રદ ન કરવામાં આવ્યું તેવી વ્યક્તિ
   (4) શેરમૂડી નહી ધરાવનાર કંપનીના સભ્યો.
4. **'વ્યક્તિ શેરહોલ્ડર હોય, પરંતુ સભ્ય ન હોય' :**
   (1) શેર ખરીદનાર સભ્ય પત્રકમાં નામ ન નોંધાવે.
   (2) શેરહોલ્ડરના મૃત્યુ, નાદાર, અસ્થિર મગજની વ્યક્તિના કાયદેસરના પ્રતિનિધિ.
5. **કંપનીનું સભ્યપદ કોણ મેળવી શકે? :**
   (1) જીવંત વ્યક્તિ
   (2) પેઢીના ભાગીદારો
   (3) હિન્દુ અવિભક્ત કુટુંબનો કર્તા
   (4) ટ્રસ્ટ
   (5) વિદેશી વ્યક્તિ
   (6) સંયુક્ત શેર ધરાવનાર
   (7) કંપની(જોગવાઈઓનું પાલન કરીને)
   (8) અન્યસંસ્થાઓમાં નોંધાયેલી સહકારી મંડળી, નોંધાયેલ સંસ્થાઓ.
6. **કંપનીનું સભ્યપદ મેળવવાની રીતો :**
   (1) આવેદનપત્રમાં સહી દ્વારા
   (2) શેર ફાળવણીદ્વારા
   (3) શેર ફેરબદલી દ્વારા
   (4) કાયદાકીય હસ્તાંતરણ દ્વારા
   (5) અવેજ તરીકે મેળવેલ શેર દ્વારા
   (6) સભ્ય તરીકેનો ખોટો દેખાવ કરીને
   (7) ત્યાગપત્ર દ્વારા
   (8) રૂપાંતરપાત્ર ડિબેન્ચર દ્વારા
   (9) સ્વેટ ઈક્વિટી શેર દ્વારા
7. **સભ્યપદનો અંત :**
   (1) શેર ફેરબદલીના કારણે
   (2) કાયદાકીય હસ્તાંતરણનાં કારણે
   (3) શેર જપ્તીના કારણે
   (4) શેર લિયનના ઉપયોગ દ્વારા

(5) રિડીમેબલ પ્રેફરન્સ શેરના નાણા પરત કરે ત્યારે
(6) શેર વહેંચણી રદ થવાને કારણે
(7) કંપનીનું વિસર્જન/સમેટી લેવામાં આવે ત્યારે
(8) કંપનીઓના જોડાણ/સંયોજનના કારણે

**8. સભ્ય અને શેરહોલ્ડર વચ્ચેનો તફાવત :**

| મુદ્દા | સભ્ય | શેરહોલ્ડર |
|---|---|---|
| **(1) અર્થ** | સભ્યપત્રકમાં નામ નોંધેલ હોય તે | કંપનીના શેરધારણ કરનાર |
| **(2) સહી** | આવેદનપત્રમાં સહી જરૂરી | સહીની જરૂર હોતી નથી |
| **(3) કાયદાકીય ફેરબદલી** | સભ્યપત્રકમાં નામ નોંધાવીને | શેર મેળવે ત્યારે |

## વિભાગ : A

❖ **નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.**

**1. કંપનીનાં આવેદનપત્રની કઈ કલમમાં સહી કરવાથી સભ્ય તરીકે માની લેવામાં આવે છે? (સ્વા.)**

(A) મૂડીની કલમ (B) ઉદ્દેશની કલમ
(C) સ્થાપનાની કલમ (D) જવાબદારીની કલમ

**2. પેઢીના ભાગીદારો વ્યક્તિગત કે સંયુક્તપણે કંપનીનું સભ્યપદ ... (સ્વા.)**

(A) મેળવી શકે.
(B) પેઢી અને ભાગીદારી સંયુક્તપણે મેળવી શકે.
(C) મેળવી ન શકે.
(D) માત્ર પેઢી જ મેળવી શકે.

**3. સ્વેટ ઈક્વિટી શેર ધારણ કરનારને ... (સ્વા.)**

(A) સભ્યપદ મળતું નથી. (B) સભ્યપદ મળે છે.
(C) અંશતઃ સભ્યપદ મળે છે. (D) સભ્યપદ સ્થગિત થાય છે.

**4. સંયુક્ત શેર ધરાવનાર વ્યક્તિઓ પૈકી કંપની કોના નામે પત્રવ્યવહાર કરે છે? (સ્વા.)**

(A) પ્રથમ વ્યક્તિના નામે
(B) બધી જ વ્યક્તિઓનાં નામે
(C) બીજી વ્યક્તિના નામે
(D) છેલ્લી વ્યક્તિના નામે

**5. કંપની જાહેર જનતાને શેર ભરણાં માટે જાહેર આમંત્રણ આપવા માટે ... (સ્વા.)**

(A) આવેદનપત્ર બહાર પાડે છે.
(B) નિયમનપત્ર બહાર પાડે છે.
(C) વિજ્ઞાપનપત્ર બહાર પાડે છે.
(D) શેર-પ્રમાણપત્ર બહાર પાડે છે.

**6. કંપનીમાં સેવા આપનાર નિષ્ણાત વ્યક્તિઓને અવેજમાં આપેલ શેરથી ... (સ્વા.)**

(A) સભ્યપદ મળતું નથી.
(B) મૅનેજર પદ મળે છે.
(C) સભ્યપદ મળે છે.
(D) અંશતઃ સભ્યપદ મળે છે.

**7. કંપનીની જામીનગીરીમાં રોકાણ કરવા માટે જાહેર જનતાને કયા દસ્તાવેજ દ્વારા આમંત્રણ આપવામાં આવે છે?**

(A) નિયમનપત્ર દ્વારા (B) આવેદનપત્ર દ્વારા
(C) વિજ્ઞાપનપત્ર દ્વારા (D) જામીનગીરી ડીડ દ્વારા

**8. શેર-ફાળવણી અંગેની નીતિ કોણ નક્કી કરે છે?**

(A) પ્રવર્તકો (B) સંચાલક મંડળ
(C) કર્મચારી મંડળ (D) કંપની રજિસ્ટ્રાર

**9. કંપનીમાં સભ્ય થવા માટે સભ્યની કેવી સંમતિ આવશ્યક બાબત છે?**

(A) મૌખિક (B) લેખિત
(C) કાયદાકીય (D) સાંકેતિક

**10. કંપનીના કયા દસ્તાવેજમાં સહી કરનાર શેર ખરીદતો ન હોવા છતાં કંપનીનો સભ્ય ગણાય છે?**

(A) નિયમનપત્રમાં (B) આવેદનપત્રમાં
(C) વિજ્ઞાપનપત્રમાં (D) શેર-અરજીપત્રમાં

**11. કયા પ્રકારની કંપનીમાં સભ્ય માત્ર ચોક્કસ રકમ પૂરતી બાંયધરી આપી હોય અને સભ્ય પાસે શેર ન હોવા છતાં તે સભ્ય ગણાય છે?**

(A) અમર્યાદિત જવાબદારીવાળી કંપનીમાં
(B) બાંયધરીથી મર્યાદિત જવાબદારીવાળી કંપનીમાં
(C) શેર-મૂડીથી મર્યાદિત જવાબદારીવાળી કંપનીમાં

(D) ચોક્કસ જવાબદારીવાળી કંપનીમાં

**12. ભારતીય કરારના કાયદા મુજબ નીચેનામાંથી કઈ વ્યક્તિ કંપનીનો સભ્ય બની શકે છે?**

(A) જીવંત વ્યક્તિ

(B) સિનિયર વ્યક્તિ

(C) કરાર કરવાને લાયક જીવંત વ્યક્તિ

(D) સગીર વ્યક્તિ

**13. નીચેના પૈકી કઈ વ્યકિત કંપનીનો સભ્ય બની શકે નહીં?**

(A) ભાગીદારી પેઢીનો ભાગીદાર

(B) વિદેશી વ્યક્તિ

(C) હિન્દુ અવિભક્ત કુટુંબનો કર્તા

(D) કરાર કરવા અસમર્થ વ્યક્તિ

**14. કયા ધારા મુજબ કોઈ પણ ટ્રસ્ટ કંપનીનાં શેર ખરીદીને સભ્ય બની શકે છે?**

(A) આવકવેરા ધારા મુજબ (B) કરારધારા મુજબ

(C) કંપનીધારા મુજબ (D) નવા કંપનીધારા મુજબ

**15. હિન્દુ અવિભક્ત કુટુંબમાં માત્ર કોણ કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે?**

(A) કુટુંબનો કોઈ પણ સભ્ય (B) કુટુંબનો સિનિયર સભ્ય

(C) કુટુંબનો જુનિયર સભ્ય (D) કુટુંબનો કર્તા

**16. નીચેના પૈકી કઈ વ્યક્તિ કંપનીના શેર ખરીદી કંપનીના સભ્ય બની શકે છે?**

(A) નાદાર વ્યક્તિ

(B) અસ્થિર મગજવાળી વ્યક્તિ

(C) વિદેશી વ્યક્તિ

(D) સગીર વ્યક્તિ

**17. કંપની કોના અનુસંધાનમાં અન્ય કંપનીનું સભ્યપદ મેળવી શકે છે?**

(A) આવેદનપત્રના અનુસંધાનમાં

(B) નિયમનપત્રના અનુસંધાનમાં

(C) કરારના કાયદાના અનુસંધાનમાં

(D) કંપનીધારાના અનુસંધાનમાં

**18. કંપનીના શેર ધારણ કરનારનું નામ કયા પત્રકમાં નોંધાયેલું હોય, તો તે કંપનીનો સભ્ય ગણાય છે?**

(A) હાજરીપત્રકમાં (B) કરારપત્રકમાં

(C) મિનિટ્સ બુકમાં (D) સભ્યપત્રકમાં

**19. જ્યારે કંપનીના કોઈ શેર-હોલ્ડરનું અવસાન થાય ત્યારે કઈ ફેરબદલી આવશ્યક બને છે?**

(A) ફરજિયાત ફેરબદલી

(B) મરજિયાત ફેરબદલી

(C) સ્વૈચ્છિક ફેરબદલી

(D) નિયમ અનુસાર ફેરબદલી

**20. કાયદાકીય પ્રક્રિયા દ્વારા થતી ફેરબદલી માટે વારસદારે કે કાયદેસરના પ્રતિનિધિએ કંપની સમક્ષ શું રજૂ કરવું પડે છે?**

(A) મૃત્યુનું પ્રમાણપત્ર (B) આધારકાર્ડ

(C) અધિકારપત્ર કે વસિયતનામું (D) શેર-પ્રમાણપત્ર

**21. નિષ્ણાત વ્યક્તિઓની સેવા કે કામગીરીના મહેનતાણાં બદલી કંપની તેમને અવેજમાં કેવા શેર આપે છે?**

(A) પૂર્ણ ભરપાઈ થયેલા શેર (B) જપ્ત કરેલા શેર

(C) અંશતઃ ભરપાઈ થયેલા શેર (D) હકના શેર

**22. નીચે દર્શાવેલ પૈકી કઈ સંસ્થા કંપનીનું સભ્યપદ મેળવી શકતી નથી?**

(A) સહકારી કાયદા મુજબ નોંધાયેલી સહકારી મંડળી

(B) ભાગીદારી પેઢી

(C) ટ્રસ્ટ

(D) કંપની

**23. નીચેના પૈકી કયા સંજોગોમાં સભ્યપદનો અંત આવતો નથી?**

(A) શેર-ફેરબદલી દ્વારા

(B) કાયદાકીય હસ્તાંતરણ દ્વારા

(C) શેર-જપ્તી દ્વારા

(D) આવેદનપત્રમાં સહી કરીને

**24. આભાસી સભ્ય તરીકેનું વર્તન ...**

(A) જવાબદાર ગણાતું નથી.

(B) અંશતઃ જવાબદાર ગણાય છે.

(C) કાયદેસર જવાબદાર ગણાય છે.

(D) ધ્યાનમાં લેવામાં આવતું નથી.

**25. સંયુક્ત નામે શેર હોય ત્યારે કંપનીના સભ્યપત્રકમાં કોના નામે શેર નોંધાય છે?**

(A) પ્રથમ વ્યક્તિના નામે

(B) બીજી વ્યક્તિના નામે

(C) છેલ્લી વ્યક્તિના નામે

(D) આપેલ તમામ વ્યક્તિના નામે

**26. નીચેના પૈકી ક્યા સંજોગમાં સભ્યના સભ્યપદનો અંત આવે છે?**

(A) આવેદનપત્રમાં સહી દ્વારા (B) શેર-ફાળવણી દ્વારા

(C) સ્વેટ ઈક્વિટી શેર દ્વારા (D) શેર-જપ્તી દ્વારા

**27. કંપની ક્યા પ્રકારનાં શેર પરત લઈ નાણાં ચૂકવી આપે છે?**

(A) સ્વેટ ઈક્વિટી શેર

(B) પ્રેફરન્સ શેર

(C) રીડિમેબલ પ્રેફરન્સ શેર

(D) ઈરરીડિમેબલ પ્રેફરન્સ શેર

**28. ક્યા પ્રકારના ડિબેન્ચરધારકને કંપનીનું સભ્યપદ મળી શકે છે?**

(A) રૂપાંતરપાત્ર ડિબેન્ચરધારકને

(B) બિનરૂપાંતરપાત્ર ડિબેન્ચરધારકને

(C) રીડિમેબલ ડિબેન્ચરધારકને

(D) ઈરરીડિમેબલ ડિબેન્ચરધારકને

**29. ગૌણ કંપની કઈ કંપનીનું સભ્યપદ મેળવી શકતી નથી?**

(A) ખાનગી કંપનીનું (B) જાહેર કંપનીનું

(C) શાસક કંપનીનું (D) સરકારી કંપનીનું

**30. જ્યારે બે કંપની પૈકી કોઈ એક કંપની બીજી કંપનીમાં વિલીન થાય ત્યારે અસ્તિત્વ ગુમાવનાર કંપનીના સભ્યોના સભ્યપદ પર શું અસર થાય છે?**

(A) સભ્યપદનો અંત આવે છે.

(B) સભ્યપદ ચાલુ રહે છે.

(C) સભ્યપદ સ્થગિત થાય છે.

(D) આપેલ પૈકી એક પણ નહીં.

**ઉત્તર :-**

1. (C) સ્થાપનાની કલમ
2. (A) મેળવી શકે.
3. (B) સભ્યપદ મળે છે.
4. (A) પ્રથમ વ્યક્તિના નામે
5. (C) વિજ્ઞાપનપત્ર બહાર પાડે છે
6. (C) સભ્યપદ મળે છે.
7. (C) વિજ્ઞાપનપત્ર દ્વારા
8. (B) સંચાલક મંડળ
9. (B) લેખિત
10. (B) આવેદનપત્રમાં
11. (B) બાંયધરીથી મર્યાદિત જવાબદારીવાળી કંપનીમાં
12. (C) કરાર કરવાને લાયક જીવંત વ્યક્તિ
13. (D) કરાર કરવા અસમર્થ વ્યક્તિ
14. (D) નવા કંપનીધારા મુજબ
15. (D) કુટુંબનો કર્તા
16. (C) વિદેશી વ્યક્તિ
17. (B) નિયમનપત્રના અનુસંધાનમાં
18. (D) સભ્યપત્રકમાં
19. (A) ફરજિયાત ફેરબદલી
20. (C) અધિકારપત્ર કે વસિયતનામું
21. (A) પૂર્ણ ભરપાઈ થયેલા શેર
22. (B) ભાગીદારી પેઢી
23. (D) આવેદનપત્રમાં સહી કરીને
24. (C) કાયદેસર જવાબદાર ગણાય છે.
25. (D) આપેલ તમામ વ્યક્તિના નામે
26. (D) શેર-જપ્તી દ્વારા
27. (C) રીડિમેબલ પ્રેફરન્સ શેર
28. (A) રૂપાંતરપાત્ર ડિબેન્ચરધારકને
29. (C) શાસક કંપનીનું
30. (A) સભ્યપદનો અંત આવે છે.

## વિભાગ : B

❖ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.**

**1. શેર-ફાળવણી અંગેની નીતિ કોણ નક્કી કરે છે? (સ્વા.)**

**ઉત્તર :** શેર-ફાળવણી અંગેની નીતિ સંચાલક મંડળ શેરબજારનાં પ્રતિનિધિઓ સાથે પરામર્શન કરીને નક્કી કરે છે.

**2. સભ્ય થવા માટે શું આવશ્યક છે? (સ્વા.)**

**ઉત્તર :** સભ્ય થવા માટે નીચેની બે બાબતો આવશ્યક છે:

(1) સભ્યની લેખિત સંમતિ હોવી જરૂરી છે.

(2) સભ્યનું નામ કંપનીના સભ્યપત્રકમાં હોવું જોઈએ.

**3. કાયદાકીય પ્રક્રિયા દ્વારા થતી ફેરબદલીમાં કંપની સમક્ષ શું રજૂ કરવું પડે? (સ્વા.)**

**ઉત્તર :** કાયદાકીય પ્રક્રિયા દ્વારા થતી ફેરબદલી માટે કંપની સમક્ષ પોતાનાં અધિકારપત્ર રજૂ કરવા પડે છે.

**4. જે અરજદારોના શેર મંજૂર થયા હોય તેમનાં નામ ક્યાં નોંધવામાં આવે છે? (સ્વા.)**

**ઉત્તર :** શેર-ફાળવણીનું કાર્ય પૂર્ણ થયા બાદ જે અરજદારોનાં શેર મંજૂર થયા હોય તેમનાં નામ કંપનીના સભ્યપત્રકમાં નોંધવામાં આવે છે.

**5. કંપનીનું સભ્યપદ કોની વચ્ચેના કરાર દ્વારા મળે છે? (સ્વા.)**

**ઉત્તર :** કંપનીનું સભ્યપદ એ વ્યક્તિ અને કંપની વચ્ચેના કરાર દ્વારા મળે છે.

**6. હિન્દુ અવિભક્ત કુટુંબમાં કોણ શેર ખરીદીને સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે? (સ્વા.)**

**ઉત્તર :** હિન્દુ અવિભક્ત કુટુંબમાં માત્ર કુટુંબનો કર્તા પોતાના કે સંયુક્ત નામે શેર ખરીદીને કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે.

**7. યુધ્ધ કે કટોકટી જાહેર થતાં કઈ વ્યક્તિનું સભ્યપદ સ્થગિત કરવામાં આવે છે? (સ્વા.)**

**ઉત્તર :** યુધ્ધ કે કટોકટી જાહેર થતાં વિદેશી વ્યક્તિ જો દુશ્મન દેશની હોય, અને તો તેનું સભ્યપદ કંપની તરફથી મળતાં હકો સ્થગિત કરવામાં આવે છે.

**8. વર્તમાન શેર-હોલ્ડરનાં ક્યા પત્રને આધારે અન્ય વ્યક્તિ સભ્ય બની શકે? (સ્વા.)**

**ઉત્તર :** વર્તમાન શેરહોલ્ડરનો ત્યાગપત્રને આધારે અન્ય વ્યક્તિ સભ્ય બની શકે છે.

**9. કંપની કોને સ્વેટ ઈક્વિટી શેર ફાળવે છે? (સ્વા.)**

**ઉત્તર :** કંપની તેના સંચાલકો, કર્મચારીઓ અને વિશિષ્ટ જ્ઞાન ધરાવતાં કર્મચારીઓને વટાવથી અથવા રોકડ સિવાયનાં અવેજથી સ્વેટ ઈક્વિટી શેર ફાળવે છે.

**10. કંપની ક્યા પ્રકારના શેર પરત લઈ નાણાં ચૂકવી આપે છે? (સ્વા.)**

**ઉત્તર :** રીડિમબલ પ્રેફરન્સ શેરની મુદત પૂરી થતાં કંપની આ - શેર પરત લઈ નાણાં ચૂકવી આપે છે.

**11. સંજ્ઞા સમજાવો : સભ્ય અથવા સભ્યપદ**

**ઉત્તર :** કંપનીધારા મુજબ, જે વ્યક્તિએ કંપનીના આવેદનપત્રમાં સહી કરી હોય અથવા જે વ્યક્તિએ કંપનીના સભ્ય થવા લેખિત સંમતિ આપી હોય અને જેનું નામ સભ્ય તરીકે કંપનીના સભ્યપત્રકમાં હોય તે વ્યક્તિ કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરે છે. આવી વ્યક્તિ કંપનીની સભ્ય ગણાય છે.

**12. કંપનીધારા 2013 મુજબ સભ્યની વ્યાખ્યા આપો.**

**ઉત્તર :** કંપનીધારા 2013 મુજબ, "કંપનીના શેર ધારણ કરનાર વ્યક્તિ પોતાના શેર ડિપોઝિટરી પાસે પણ રાખી શકે છે. આ શેરધારકનાં નામ કંપનીના સભ્યપત્રકમાં નોંધાયેલા ન હોવા છતાં ડિપૉઝિટરીની નોંધમાં લાભાર્થી માલિક તરીકે દર્શાવેલ હોવાથી તે પણ કંપનીનો સભ્ય ગણાય છે."

**13. કંપનીના ક્યા દસ્તાવેજમાં ક્યાં સહી કરનાર ક્યારથી કંપનીનો સભ્ય ગણાય છે?**

**ઉત્તર :** કંપનીનાં આવેદનપત્રની સ્થાપનાની કલમમાં સહી કરનાર વ્યક્તિ નોંધણીનું પ્રમાણપત્ર મળેથી કંપનીનો સભ્ય ગણાય છે.

**14. શેર-ફેરબદલીથી શું સભ્યપદનો અંત આવે છે?**

**ઉત્તર :** સામાન્ય રીતે શેર-ફેરબદલીથી સભ્યપદનો અંત આવે છે, પરંતુ જ્યાં સુધી સભ્યનું નામ સભ્યપત્રકમાંથી દૂર ન થાય ત્યાં સુધી તે સભ્યપદે ચાલુ રહે છે.

**15. કોઈ વ્યક્તિ ક્યારે શેર ધરાવતી ન હોવા છતાં સભ્ય ગણાય?**

**ઉત્તર :** આવેદનપત્રમાં સહી કરનાર વ્યક્તિ શેર ખરીદતી નથી છતાં સભ્ય ગણાય, તેમજ બાંયધરીથી મર્યાદિત જવાબદારીવાળી કંપનીમાં સભ્ય ચોક્કસ રકમની બાંયધરી આપી હોય છે. તેથી તે શેર ધરાવતો ન હોવા છતાં સભ્ય ગણાય છે અને શેર-મૂડી ન ધરાવતી કંપનીના સભ્યો શેરહોલ્ડર હોતા નથી પણ સભ્ય ગણાય છે.

**16. સભ્યપદ માટે કઈ જોગવાઈઓનું પાલન કરવું જરૂરી છે?**

**ઉત્તર :** કંપનીધારામાં સભ્યપદ કોણ પ્રાપ્ત કરી શકે તે અંગે લાયકાતનાં ધોરણો કે ગેરલાયકાતોની બાબતમાં કોઈ સ્પષ્ટતા નથી, પરંતુ નિયમનપત્રની જોગવાઈઓનું પાલન કરીને સભ્ય બની શકાય.

**17. "કંપની જીવંત વ્યક્તિ જેવા અધિકાર ભોગવી શકે છે." શા માટે?**

**ઉત્તર :** કંપની એ કાયદાની દૃષ્ટિએ વ્યક્તિ છે, તેને કાયદેસરનું કૃત્રિમ વ્યક્તિત્વ મળેલું હોવાથી તે જીવંત વ્યક્તિ જેવા અધિકાર ભોગવી શકે છે.

**18. કઈ જીવંત વ્યક્તિ સભ્ય બની શકે?**

**ઉત્તર :** કરાર કરવા માટે સમર્થ એવી કોઈ પણ જીવંત વ્યક્તિ સભ્ય બની શકે છે.

**19. ટ્રસ્ટ કંપનીના સભ્ય બની શકે?**

**ઉત્તર :** નવા કંપનીધારા મુજબ કોઈ પણ ટ્રસ્ટ કંપનીનાં શેર ખરીદીને સભ્ય બની શકે છે અને સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે.

**20. શું હિન્દુ અવિભક્ત કુટુંબ કંપનીના સભ્ય બની શકે?**

**ઉત્તર :** હિન્દુ અવિભક્ત કુટુંબ પોતે કંપનીના સભ્ય બની શકે જ નહિ, પરંતુ પેઢીનો કર્તા પોતાના નામે કે સંયુક્ત નામે શેર ખરીદી શકે અને તે કર્તા જ સભ્યપદ મેળવી શકે.

**21. વિદેશી વ્યક્તિનું કંપનીનું સભ્યપદ અને તેના હકો ક્યારે સ્થગિત થાય છે?**

**ઉત્તર :** ભારતમાં યુધ્ધકાલીન પરિસ્થિતિ કે કટોકટી જાહેર થાય ત્યારે વિદેશી વ્યક્તિ દુશ્મન દેશની હોય ત્યારે તેનું સભ્યપદ અને તેના હકો સ્થગિત થાય છે.

**22. કઈ વ્યક્તિ કંપનીમાં આપોઆપ સભ્ય બને છે?**

**ઉત્તર :** કંપનીના આવેદનપત્રમાં સ્થાપનાની કલમમાં સહી કરનાર વ્યક્તિ કંપનીમાં આપોઆપ સભ્ય બને છે.

**23. ભાગીદારી પેઢી કંપનીમાં સભ્ય કેમ બની શકતી નથી?**

**ઉત્તર :** ભાગીદારી પેઢી કાયદાની દષ્ટિએ 'વ્યક્તિ' ન હોવાથી તે કંપનીમાં સભ્ય બની શકતી નથી.

**24. આભાસી સભ્યપદ કોને કહે છે?**

**ઉત્તર :** જે સભ્ય પોતાની માલિકીના શેર અન્યને વેચી દીધા હોય અને છતાં તે પોતે કંપનીનો સભ્ય છે તેવો દેખાવ કરે અને છતાં પોતાનું નામ સભ્યપત્રકમાં ચાલુ રહેવા દે તેમજ સભ્ય તરીકેના હકોનો ઉપયોગ કરે ત્યારે તેવા સભ્યપદને આભાસી સભ્યપદ કહેવામાં આવે છે.

**25. શેર-ફેરબદલી કરનાર કંપનીનો સભ્ય ક્યાં સુધી ગણાય છે?**

**ઉત્તર :** જે વ્યક્તિએ પોતાના શેર બીજાના નામે ફેરબદલી કર્યા હોય તો તે કંપનીનો શેરહોલ્ડર તરીકે રહેતો નથી. પરંતુ જ્યાં સુધી કંપનીના સભ્યપત્રકમાં તેનું નામ રદ ન થાય ત્યાં સુધી તે સભ્ય ગણાય છે.

**26. કંપનીના શેર ખરીદનાર વ્યક્તિ ક્યારે કંપનીનો સભ્ય ગણાય છે?**

**ઉત્તર :** કંપનીના શેર ખરીદનાર વ્યક્તિનું નામ કંપનીના સભ્યપત્રકમાં નોંધાય ત્યારથી તે કંપનીનો સભ્ય ગણાય છે.

**27. કાયદાની દષ્ટિએ કયું એકમ કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે?**

**ઉત્તર :** કાયદાની દષ્ટિએ સ્વતંત્ર અસ્તિત્વ તેમજ વ્યક્તિત્વ ધરાવનાર કોઈ પણ એકમ કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે. આ અંગે કંપનીનાં નિયમનપત્રની જોગવાઈઓનું પાલન થવું જરૂરી છે.

**28. કઈ કઈ જીવંત વ્યક્તિને કંપનીનું સભ્યપદ પ્રાપ્ત થતું નથી?**

**ઉત્તર :** કરાર કરવા અસમર્થ હોય તેવી તમામ વ્યક્તિને કંપનીનું સભ્યપદ પ્રાપ્ત થતું નથી. દા. ત., સગીર, નાદાર, અસ્થિર મગજવાળી વ્યક્તિ .

**29. શું કંપની સભ્યપદ મેળવી શકે છે?**

**ઉત્તર :** કંપની કાયદા દ્વારા અસ્તિત્વમાં આવેલી અલગ અને સ્વતંત્ર કૃત્રિમ વ્યક્તિ હોવાથી કંપનીના નિયમનપત્ર અનુસાર બીજી કંપનીનું સભ્યપદ મેળવી શકે છે.

**30. સહકારી મંડળી કંપનીનું સભ્યપદ મેળવી શકે છે?**

**ઉત્તર :** સહકારી મંડળી કાયદા મુજબ નોંધાયેલી સહકારી મંડળી સંસ્થાના બંધારણની જોગવાઈ અનુસાર કોઈ પણ કંપનીના શેર ખરીદીને કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે.

**31. કંપનીમાં સભ્યપદ મેળવવાની પૂર્વશરત કોને લાગુ પડતી નથી?**

**ઉત્તર :** આવેદનપત્રની સ્થાપનાની કલમમાં સહી કરનારને સભ્યપદ મેળવવાની પૂર્વશરત લાગુ પડતી નથી, કારણ કે તેઓને કંપનીનું સભ્યપદ આપોઆપ મળી જાય છે.

**32. જ્યારે કંપનીનો કોઈ સભ્ય શેર-હોલ્ડર નાદાર અથવા અસ્થિર મગજવાળો જાહેર થાય ત્યારે તેનું સભ્યપદ કોને કેવી રીતે મળે છે?**

**ઉત્તર :** જ્યારે કંપનીનો કોઈ સભ્ય શેરહોલ્ડર નાદાર અથવા અસ્થિર મગજવાળો જાહેર થાય ત્યારે કાયદાકીય પ્રક્રિયા દ્વારા ફરજિયાત ફેરબદલીથી તેના વારસદાર કે કાયદેસરના પ્રતિનિધિને સભ્યપદ પ્રાપ્ત થાય છે.

**33. નિષ્ણાત વ્યક્તિઓની સેવા કે કામગીરીનાં મહેનતાણાં બદલ કંપની તેઓને કેવા પ્રકારના શેર અવેજ તરીકે આપે છે?**

**ઉત્તર :** નિષ્ણાત વ્યક્તિઓની સેવા કે કામગીરીનાં મહેનતાણાં બદલ કંપની તેઓને પૂર્ણ ભરપાઈ થયેલા શેર અવેજ તરીકે આપે છે.

**34. વર્તમાન શેરહોલ્ડર-ત્યાગપત્રનો ઉપયોગ ક્યારે કરે છે?**

**ઉત્તર :** વર્તમાન શેરહોલ્ડરને હકનાં શેર ખરીદવા માટે મળેલ હકનો સંપૂર્ણ કે આંશિક રીતે અન્યની તરફેણમાં પોતાનો હક જતો કરે ત્યારે ત્યાગપત્રનો ઉપયોગ કરે છે.

**35. ત્યાગપત્રને આધારે કંપનીનું સભ્યપદ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે?**

**ઉત્તર :** વર્તમાન શેરહોલ્ડર દ્વારા ત્યાગપત્ર મેળવનાર વ્યક્તિ કંપનીના શેર ખરીદીને કંપનીનો શેરહોલ્ડર બને છે અને કંપનીને સભ્યપત્રકમાં નામ નોંધાવવા માટે વિનંતી કરે છે. કંપની તેને માન્ય કરી સભ્યપત્રકમાં જે-તે વ્યક્તિનું નામ નોંધે ત્યારે તેને કંપનીનું સભ્યપદ પ્રાપ્ત થાય છે.

**36. રૂપાંતરપાત્ર ડિબેન્ચરધારકને કંપનીનું સભ્યપદ ક્યારે પ્રાપ્ત થાય છે?**

**ઉત્તર :** જે ડિબેન્ચરધારક પાસે રૂપાંતરપાત્ર ડિબેન્ચર હોય અને નિશ્ચિત મુદતે તે ડિબેન્ચર ઈક્વિટી શેરમાં રૂપાંતર પામે ત્યારે તે ડિબેન્ચર ધારક ઈક્વિટી શેર ધારણ કરવાથી કંપનીનો શેર-હોલ્ડર બને છે અને સભ્યપત્રકમાં તેનું નામ દાખલ થવાથી તે કંપનીનો સભ્ય બને છે.

**37. સ્વેટ ઈક્વિટી શેર ધારણ કરનારને ક્યારે કંપનીનું સભ્યપદ પ્રાપ્ત થાય છે?**

**ઉત્તર :** સ્વેટ ઈક્વિટી શેરધારકનું નામ સભ્યપત્રકમાં નોંધ કરવાથી તેઓને કંપનીનું સભ્યપદ પ્રાપ્ત થાય છે.

**38. કંપની ક્યારે શેરહોલ્ડરના શેર જપ્ત કરે છે?**

**ઉત્તર :** કંપનીએ શેર પરના હપતા મંગાવ્યા હોય અને નિયત મુદતમાં શેર-હોલ્ડર હપતાની રકમ ન ભરે ત્યારે યોગ્ય કાર્યવાહી બાદ કંપની તેના શેર જપ્ત કરે છે.

**39. શેર-લિયનના હકનો ઉપયોગ કંપની ક્યારે કરે છે?**

**ઉત્તર :** કંપની પોતાની લેણી રકમ વસૂલ કરવા માટે શેરહોલ્ડરને નોટિસ આપે છે અને તેમ છતાં શેર-હોલ્ડર રકમ ન આપે ત્યારે કંપની શેર-લિયનના હકનો ઉપયોગ કરી પોતાનું લેણું વસૂલ કરવા શેર-હોલ્ડરના શેર વેંચી દે છે.

**40. રિડિમેબલ પ્રેફરન્સ શેર-હોલ્ડરના સભ્યપદનો અંત ક્યારે આવે છે?**

**ઉત્તર :** રીડિમેબલ પ્રેફરન્સ શેરની મુદત પૂરી થતાં કંપની શેરના નાણાં પરત કરે ત્યારે રીડિબલ પ્રેફરન્સ શેરહોલ્ડરના સભ્યપદનો અંત આવે છે.

**41. ભાગીદારી પેઢી ક્યા કારણસર કંપનીની સભ્ય બની શકે નહીં?**

**ઉત્તર :** ભાગીદારી પેઢી કાયદાની દૃષ્ટિએ 'વ્યક્તિ' ન હોવાથી તે કંપનીની સભ્ય બની શકે નહીં.

## વિભાગ : C

❖ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

**1. સભ્યપદનો અર્થ અને વ્યાખ્યા આપો. (સ્વા.)**

**ઉત્તર :** સભ્યપદનો અર્થ : જે વ્યક્તિનું નામ તેની લેખિત સંમતિ દ્વારા અથવા શેર-અરજી દ્વારા કંપનીનાં સભ્યપત્રકમાં નોંધેલ હોય તે કંપનીનો સભ્ય ગણાય છે.

ટૂંકમાં, સભ્ય થવા માટે સભ્યની લેખિત સંમતિ અને સભ્યનું નામ કંપનીના સભ્યપત્રકમાં હોવું તે આવશ્યક બાબત છે.

**સભ્યપદની વ્યાખ્યા :** કંપનીધારા 1956માં જણાવ્યા મુજબ, "જે વ્યક્તિએ કંપનીના આવેદનપત્રમાં સહી કરી સભ્ય થવા લેખિત સંમતિ આપી હોય અને જે અન્ય વ્યક્તિએ કંપનીના સભ્ય થવા લેખિત સંમતિ આપી હોય તે કંપનીનો સભ્ય ગણાય."

જ્યારે કંપનીધારા 2013માં જણાવ્યા મુજબ "કંપનીના શેર ધારણ કરનાર વ્યક્તિ પોતાનાં શેર ડિપોઝિટરી પાસે પણ રાખી શકે છે. આ શેરધારકનાં નામ કંપનીના સભ્યપત્રકમાં નોંધાયેલ ન હોવા છતાં ડિપોઝિટરીની નોંધમાં લાભાર્થી માલિક તરીકે દર્શાવેલ હોવાથી તે પણ કંપનીનો સભ્ય ગણાય છે.

**2. "વ્યક્તિ સભ્ય હોય પરંતુ શેર-હોલ્ડર ન હોય." વિધાન સમજાવો. (સ્વા.)**

**ઉત્તર :** નીચેના સંજોગોમાં વ્યક્તિ શેર-હોલર ન હોય મતલબ કે વ્યક્તિ પાસે કંપનીના શેર ન હોય તેમ છતાં તે વ્યક્તિ કંપનીનો સભ્ય ગણાય છે :

(1) જે વ્યક્તિએ કંપનીનાં આવેદનપત્રમાં સહી કરી હોય તે તરત સભ્ય બને છે પરંતુ તેણે શેર ખરીદ્યા ન હોય તો પણ સભ્ય ગણાય છે.

(2) બાંયધરીથી મર્યાદિત જવાબદારીવાળી કંપનીમાં સભ્યોએ માત્ર ચોક્કસ રકમ પૂરતી બાંયધરી આપી હોય અને તેઓની પાસે શેર ન હોવા છતાં તેઓ સભ્ય તરીકે ગણાય છે.

(3) જે વ્યક્તિએ પોતાના શેર બીજાના નામે ફેરબદલી કર્યા હોય તો તે શેરહોલ્ડર તરીકે રહેતો નથી પરંતુ જ્યાં સુધી કંપનીના સભ્યપત્રકમાં તેનું નામ રદ ન થાય ત્યાં સુધી તે સભ્ય ગણાય છે.

(4) જે કંપની શેર મૂડી ધરાવતી નથી તે કંપનીનાં શેરહોલ્ડર હોતા નથી તેમ છતાં કંપનીનાં સભ્યો તો હોય છે.

### 3. "વ્યક્તિ શેર-હોલ્ડર હોય પરંતુ સભ્ય ન હોય" વિધાન સમજાવો. (સ્વા.)

**ઉત્તર :** કંપનીધારા મુજબ સભ્ય થવા માટે સભ્યની લેખિત સંમતિ અને સભ્યનું નામ કંપનીના સભ્યપત્રકમાં હોવું જરૂરી છે. પરંતુ નીચેના સંજોગોમાં વ્યક્તિ શેરહોલ્ડર હોય મતલબ કે વ્યક્તિ પાસે કંપનીના શેર હોય તેમ છતાં તે વ્યક્તિનું નામ સભ્યપત્રકમાં ન હોવાને કારણે તે કંપનીનો સભ્ય ગણાતો નથી :

(1) કંપનીનાં શેર ખરીદનાર વ્યક્તિ શેરહોલ્ડર ગણાય છે. પરંતુ જ્યાં સુધી તે પોતાનું નામ સભ્યપત્રકમાં ન નોંધાવે ત્યાં સુધી કંપનીનો સભ્ય ગણાતો નથી.

(2) શેરહોલ્ડરનું અવસાન થતાં તેનાં કાયદેસરનાં પ્રતિનિધિ શેરહોલ્ડર બને છે, પરંતુ જ્યાં સુધી તેમનું નામ સભ્યપત્રકમાં નોંધાવે નહિ ત્યાં સુધી સભ્ય ગણાય નહીં.

### 4. ગૌણ કંપની કયા સંજોગોમાં શાસક કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરી શકે? (સ્વા.)

**ઉત્તર :** ગૌણ કંપની સામાન્ય રીતે તેની શાસક કંપનીનું સભ્યપદ મેળવી શકતી નથી, પરંતુ નીચે જણાવેલ અપવાદરૂપ સંજોગોમાં ગૌણ કંપની શાસક કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે :

(1) શાસક કંપનીના કોઈ સભ્યનું અવસાન થાય અને ગૌણ કંપની કાયદેસરનાં પ્રતિનિધિ તરીકે શેર ધારણ કરે ત્યારે

(2) ગૌણ કંપની કોઈ પણ સભ્યનાં ટ્રસ્ટી તરીકે હોદ્દો ધરાવતી હોય અને આવા ટ્રસ્ટમાં કોઈ પણ હિતસંબંધ ન હોય ત્યારે

(3) કંપની કાયદાના અમલ પહેલાં કોઈ ગૌણ કંપની શાસક કંપનીનું સભ્યપદ મેળવ્યા બાદ તે કંપનીઓ વચ્ચે સંબંધ સ્થાપિત થયો હોય ત્યારે

### 5. રૂપાંતરપાત્ર ડિબેન્ચરધારક કઈ રીતે સભ્ય બને છે? (સ્વા.)

**ઉત્તર :** જે ડિબેન્ચરધારક પાસે રૂપાંતરપાત્ર ડિબેન્ચર હોય અને નિશ્ચિત મુદતે તે ડિબેન્ચર ઈક્વિટી શેરમાં રૂપાંતર પામે ત્યારે તે ડિબેન્ચર ઈક્વિટી શેરમાં રૂપાંતર પામે છે અને તે ડિબેન્ચરધારક ઈક્વિટી શેર ધારણ કરવાથી સભ્ય બને છે અને કંપનીના સભ્યપત્રકમાં તેનું નામ - દાખલ કરવામાં આવે છે. આ રીતે ડિબેન્ચરધારક કંપનીના લેણદારમાંથી કંપનીનો માલિક બને છે.

### 6. સંયુક્ત શેર ધરાવનાર સભ્યોની જવાબદારી કેવી હોય છે?

**ઉત્તર :** જ્યારે બે કે તેથી વધુ વ્યક્તિઓ સંયુક્ત નામે કંપનીના શેર ખરીદે ત્યારે કંપનીના સભ્યપત્રકમાં બધાના સંયુક્ત નામ લખાય છે. જેમના નામ દર્શાવેલ હોય તેમની વ્યક્તિગત અને સંયુક્ત જવાબદારી ઉદ્‌ભવે છે.

### 7. કંપની કોનું સભ્યપદ મેળવી શકે અને કોનું સભ્યપદ મેળવી ન શકે?

**ઉત્તર :** કંપની એ કાયદાની દૃષ્ટિએ કૃત્રિમ વ્યક્તિત્વ ધરાવતી કાયદેસરની વ્યક્તિ છે. તેથી તે બીજી કોઈ પણ કંપનીમાં સભ્યપદ મેળવી શકે છે. પરંતુ કંપની પોતે પોતાના શેર ખરીદીને સભ્ય બની શકે નહિ તેમજ ગૌણ કંપની તેની શાસક કંપનીનું સભ્યપદ ન મેળવી શકે.

### 8. શેર-વહેંચણી દ્વારા કઈ રીતે સભ્યપદ પ્રાપ્ત થાય છે?

**ઉત્તર :** કંપની વિજ્ઞાપનપત્ર દ્વારા જાહેર જનતાને શેર ભરણાં માટે જાહેર આમંત્રણ આપે છે. આવા જાહેર આમંત્રણના પ્રત્યુતરમાં વ્યક્તિ શેર ખરીદવા શેર-અરજી કરે છે. આવી શેર-અરજી મંજૂર થાય ત્યારે અરજદારનું નામ સભ્યપત્રકમાં દાખલ કરવામાં આવે છે. તેના પરિણામે તે કંપનીનો સભ્ય બને છે અને કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરે છે.

### 9. કાયદાકીય હસ્તાંતર દ્વારા કઈ રીતે કોને સભ્યપદ પ્રાપ્ત થાય છે?

**ઉત્તર :** જ્યારે શેર-હોલ્ડરનું અવસાન થાય, તે નાદાર જાહેર થાય કે અસ્થિર મગજનો જાહેર થાય ત્યારે કાયદાકીય પ્રક્રિયા દ્વારા ફરજિયાત ફેરબદલી જરૂરી બને છે. આવા સંજોગોમાં તેના વારસદાર કે કાયદેસરના પ્રતિનિધિ સભ્ય બને છે. તેથી તેનું નામ સભ્યપત્રકમાં દાખલ થતાં તે સભ્યપદ પ્રાપ્ત કરે છે.

### 10. "ત્યાગપત્રને આધારે સભ્યપદ પ્રાપ્ત થાય છે." કેવી રીતે?

**ઉત્તર :** વર્તમાન શેરહોલ્ડરને હકના શેર ખરીદવા માટે પ્રાપ્ત થયેલ હકને જ્યારે તે પૂર્ણપણે કે આંશિક રીતે અન્ય વ્યક્તિની તરફેણમાં જતો કરે ત્યારે તે માટે ત્યાગપત્રનો ઉપયોગ કરે છે. આ રીતે ત્યાગપત્રને આધારે તે અન્ય વ્યક્તિ શેર-હોલ્ડર બને છે અને તે કંપનીને સભ્યપત્રકમાં પોતાનું નામ દાખલ કરવા વિનંતી કરે છે. કંપની તેને માન્ય રાખી તેનું નામ સભ્યપત્રકમાં દાખલ કરે ત્યારે તે વ્યક્તિ કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરે છે.

### 11. આભાસી સભ્યપદ એટલે શું? તેવા સભ્યપદનું શું પરિણામ આવે?

**ઉત્તર :** જે સભ્ય પોતાની માલિકીના શેર અન્યને વેચી દીધા હોય અને છતાં તે પોતે કંપનીનો સભ્ય છે તેવો દેખાવ કરે અને છતાં પોતાનું નામ સભ્યપત્રકમાં ચાલુ રહેવા દે તેમજ સભ્ય તરીકેના હકોનો ઉપયોગ કરે ત્યારે તેવા સભ્યપદને આભાસી સભ્યપદ કહેવામાં આવે છે.

આવો સભ્ય કાયદાની દૃષ્ટિએ જ્યારે પોતાની જવાબદારી ઊભી થાય ત્યારે તે પોતે સભ્ય નથી તેવી દલીલ કરી શકે નહિ. તે સભ્ય હોય અને જે જવાબદારી ઉદ્ભવે તે જ રીતે તેણે સભ્ય તરીકેની પોતાની જવાબદારી બજાવવી પડે છે. પરંતુ તે સભ્ય તરીકેના હકો ધરાવી શકતો નથી. આ રીતે સભ્ય તરીકે ખોટો દેખાવ કરનાર વ્યક્તિ સભ્ય તરીકે જવાબદાર ગણાય છે.

## વિભાગ : D

❖ નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો.

### 1. સભ્ય અને શેરહોલ્ડર વચ્ચેનો તફાવત સમજાવો. (સ્વા.)(M-18)(J-18)

**ઉત્તર :** સભ્ય અને શેર-હોલ્ડર વચ્ચેના તફાવતના મુદ્દા નીચે મુજબ છે

| ક્રમ | મુદ્દા | સભ્ય | શેરહોલ્ડર |
|---|---|---|---|
| (1) | અર્થ | જે વ્યક્તિનું નામ લેખિત સંમતિ દ્વારા કે શેર અરજી દ્વારા સભ્યપત્રકમાં નોંધ થયેલ હોય તે કંપનીના સભ્ય ગણાય છે. | જે વ્યક્તિ કંપનીનાં શેર ધરાવતી હોય તે કંપનીના શેરહોલ્ડર કહેવાય છે. |
| (2) | સહી | જે વ્યક્તિએ આવેદનપત્રમાં સ્થાપનાની કલમમાં સહી કરી હોય તેને સભ્ય તરીકે ગણી લેવામાં આવે છે. | કંપનીના આવેદનપત્રમાં શેરહોલ્ડરની સહી જરૂરી નથી. |
| (3) | કાયદાકીય હસ્તાંતરણ | કાયદેસરનો પ્રતિનિધિ શેર ફેરબદલીની પ્રક્રિયા દ્વારા તેનું નામ સભ્યપત્રકમાં નોંધાવે ત્યારે તે સભ્ય ગણાય છે. | કાયદાકીય હસ્તાંતર દ્વારા જ્યારે કાયદેસરનાં પ્રતિનિધિને શેર પ્રાપ્ત થાય ત્યારે તે શેરહોલ્ડર ગણાય છે. |

### 2. "સંયુક્ત શેર ધારણ કરનાર સભ્યો વિશે નોંધ લખો. (સ્વા.)

**ઉત્તર :** "સંયુક્ત શેર ધારણ કરનાર સભ્યો' અંગે મહત્ત્વના મુદ્દાઓ નીચે મુજબ છે :

(1) જ્યારે બે કે તેથી વધુ વ્યક્તિ સંયુક્ત નામે કંપનીના શેર ખરીદે ત્યારે તેઓને "સંયુક્ત શેર-હોલ્ડર્સ(Joint Shareholders) તરીકે ઓળખવામાં આવે છે.

(2) કંપનીના સભ્યપત્રકમાં સંયુક્ત શેર-હોલ્ડર્સનાં નામ લખવામાં આવે છે.

(3) જેમનાં નામ કંપનીના સભ્યપત્રકમાં દર્શાવેલા હોય તેમનાં નામ સંયુક્ત રીતે શેર-પ્રમાણપત્રમાં દર્શાવવામાં આવે છે.

(4) જેમનાં નામ કંપનીના સભ્યપત્રકમાં દર્શાવેલા હોય તેમની વ્યક્તિગત અને સંયુક્ત જવાબદારી ઉદ્ભવે છે.

(5) વહીવટી સરળતા ખાતર જેનું નામ પ્રથમ હોય તેના નામે અને સરનામે કંપની પત્રવ્યવહાર કરે છે.

(6) નોટિસ, ડિવિડન્ડ વૉરંટ, પરિપત્રો, દસ્તાવેજ, શેર પ્રમાણપત્ર વગેરે કંપની પ્રથમ શેરહોલ્ડરના નામે અને સરનામે મોકલાવે છે.

(7) જાહેર કંપનીમાં સંયુક્ત શેર ધારણ કરનાર તમામ સભ્યો કંપનીના સભ્યો તરીકે ગણવામાં આવે છે. જ્યારે ખાનગી કંપનીમાં તેઓને એક જ સભ્ય તરીકે ગણવામાં આવે છે.

(8) કંપની કાયદા મુજબ પ્રથમ નામ ધારણ કરનાર સભ્યને મત આપવાનો, કંપનીની સભામાં હાજર રહેવાનો, પ્રૉક્સીની નિમણૂક કરવાનો તેમજ કંપનીના ઠરાવમાં સહી કરવાનો અધિકાર છે.

(9) કંપની પોતાના નિયમનપત્રમાં વધુમાં વધુ કેટલી વ્યક્તિઓ સંયુક્ત નામે શેર-એરજી કરી શકશે તેની જોગવાઈ કરે છે.

(10) જો ડિવિડન્ડની રકમ પર ઈન્કમ ટેક્સ લાગુ પડતો હોય, તો તે ચૂકવવાની જવાબદારી પ્રથમ શેર-હોલ્ડરની છે.

(11) 'હકના શેર તેમજ "બોનસ શેરની ઓફર તેમજ તે અંગેના જરૂરી દસ્તાવેજો પ્રથમ શેર-હોલ્ડરના નામ અને સરનામે મોકલવામાં આવે છે.

(12) સંયુક્ત નામે ધારણ કરેલા શેરની ફેરબદલી કરવી હોય ત્યારે તમામ સભ્યોની સહીની જરૂરિયાત રહે છે.

(13) જો પ્રથમ શેર-હોલ્ડરનું અવસાન થાય ત્યારે તેવા સંજોગોમાં - બીજું નામ ધારણ કરનાર પ્રથમ શેર-હોલ્ડર આપોઆપ બની જાય છે.

**3. શેર-ફેરબદલી અને કાયદાકીય ફરજિયાત ફેરબદલી દ્વારા - સભ્યપદ મેળવવાની રીત સમજાવો. (સ્વા.)**

**ઉત્તર : સામાન્ય શેર-ફેરબદલી દ્વારા સભ્યપદ મેળવવાની રીત :** જ્યારે કોઈ શેર-હોલ્ડર પોતાના તમામ શેર્સ અન્ય વ્યક્તિને વેચે ત્યારે શેર-ફેરબદલીની વિધિને અનુસરીને શેર ખરીદનાર વ્યક્તિ કંપનીનું સભ્યપદ મેળવે છે અને શેર વેચનાર વ્યક્તિ કંપનીનું સભ્યપદ ગુમાવે છે.

પણ જો કોઈ શેર-હોલ્ડર પોતાની પાસેના શેર્સમાંથી અમુક શેર અન્ય વ્યક્તિને વેચે અને બાકીના શેર પોતાની પાસે રાખે ત્યારે શેર-ફેરબદલીની વિધિને અનુસરીને શેર ખરીદનાર વ્યકિત કંપનીનું સભ્યપદ મેળવે છે અને શેર વેચનાર પાસ પણ શેર્સ હોવાથી તેનું પણ સભ્યપદ ચાલુ રહે છે.

કંપનીના શેર ખરીદનાર વ્યકિત શેર-હોલ્ડર ગણાય છે. પણ જ્યાં સુધી તે પોતાનું નામ કંપનીના સભ્યપત્રકમાં ન નોંધાવે ત્યાં સુધી તે કંપનીનો સભ્ય ગણાતો નથી.

**કાયદાકીય ફરજિયાત ફેરબદલી દ્વારા સભ્યપદ મેળવવાની રીત :** જ્યારે કોઈ શેર-હોલ્ડરનું અવસાન થાય કે શેરહોલ્ડર નાદાર જાહેર થાય અથવા શેર-હોલ્ડર અસ્થિર મગજનો જાહેર થાય ત્યારે કાયદાકીય પ્રક્રિયા દ્વારા ફરજિયાત ફેરબદલી આવશ્યક બને છે. આવા સંજોગોમાં તેના વારસદાર કે કાયદેસરનાં પ્રતિનિધિ સભ્ય બને છે. પરિણામે તેમનું નામ સભ્યપત્રકમાં દાખલ થતાં સભ્યપદ મેળવે છે. કાયદાકીય પ્રક્રિયા દ્વારા થતી ફેરબદલી માટે કંપની સમક્ષ પોતાનાં અધિકારપત્રો રજૂ કરવા પડે છે.

યાદ રાખો કે શેર-હોલ્ડરનું અવસાન થતાં તેના કાયદેસરનાં પ્રતિનિધિ શેર-હોલ્ડર બને છે, પરંતુ જ્યાં સુધી તે તેમનું નામ સભ્યપત્રકમાં નોંધાવે નહિ ત્યાં સુધી તે સભ્ય ગણાય નહીં.

**4. "સભ્ય તરીકેનો ખોટો દેખાવ કરનાર વ્યક્તિ સભ્ય તરીકે - જવાબદાર છે." વિધાન સમજાવો. (સ્વા.)**

**ઉત્તર :** જ્યારે કોઈ સભ્ય પોતાનાં શેર અન્યને વેચે ત્યારે તેના સભ્યપદનો અંત આવે છે. તેની પાસે સભ્યપદ ન હોવા છતાં તે (1) કંપનીનાં સભ્યપત્રકમાં નામ ચાલુ રહેવા દે (2) પોતે સભ્ય છે તેવો દેખાવ કરે (3) આભાસી વર્તન દ્વારા સભ્ય તરીકેનાં હકનો ઉપયોગ કરે અને પરિણામે સભ્ય તરીકેની જવાબદારી ઉદ્ભવે ત્યારે વર્તમાનમાં તે સભ્ય નથી તેવી દલીલ કરે તે માન્ય ગણાતી નથી. કારણ કે કાયદાની દૃષ્ટિએ તેને સભ્ય તરીકેનાં હક મળતાં નથી, પરંતુ સભ્ય તરીકે જવાબદાર બને છે.

5. કંપનીનું સભ્યપદ મેળવવાની રીતો ટૂંકમાં જણાવો.(M-19)

**ઉત્તર :** કંપનીનું સભ્યપદ મેળવવા માટેની જુદી જુદી રીતો નીચે મુજબ છે :

(1) આવેદનપત્રમાં સહી દ્વારા,

(2) શેર-ફાળવણી દ્વારા,

(3) શેર-ફેરબદલી દ્વારા,

(4) કાયદાકીય હસ્તાંતરણ દ્વારા,

(5) અવેજ તરીકે મેળવેલ શેર દ્વારા,

(6) સભ્ય તરીકે ખોટો દેખાવ કરીને,

(7) ત્યાગપત્રનો ઉપયોગ કરીને,

(8) રૂપાંતરપાત્ર ડિબેન્ચરધારક દ્વારા અને

(9) સ્વેટ ઇક્વિટી શેર દ્વારા.

## વિભાગ : E

❖ નીચેના પ્રશ્નોનાં વિસ્તારપૂર્વક ઉત્તર લખો. :

1. કંપનીનું સભ્યપદ કોણ મેળવી શકે? (સ્વા.)

**ઉત્તર :** કંપનીધારામાં સભ્યપદ કોણ પ્રાપ્ત કરી શકે તે અંગેની લાયકાતો કે ગેરલાયકાતો બાબતમાં કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. પરંતુ કંપનીના નિયમનપત્રમાં દર્શાવવામાં આવેલ જોગવાઈઓનું પાલન કરીને સભ્ય બની સભ્યપદ પ્રાપ્ત કરી શકાય. કંપની એ કાયદાની દષ્ટિએ એક વ્યક્તિ ગણાય છે અને તે કાયદેસરનું કૃત્રિમ વ્યક્તિત્વ ધરાવતી હોવાથી તે જીવંત વ્યક્તિની જેમ અધિકારો ભોગવી શકે છે. તે કાયદાની દષ્ટિએ કૃત્રિમ વ્યક્તિ છે. કાયદાની દષ્ટિએ કોઈ પણ કરાર કરવાને લાયક વ્યક્તિ સભ્ય બની શકે છે. નીચે દર્શાવેલ વ્યક્તિઓ કે સંસ્થાઓ સભ્ય બની શકે છે :

1. **જીવંત વ્યક્તિ (Living Person) :** કંપનીનું સભ્યપદ એ વ્યક્તિ અને કંપની વચ્ચેનાં કરાર દ્વારા મળે છે. ભારતીય કરારનાં કાયદા મુજબ કરાર કરવા માટે સમર્થ એવી કોઈ પણ જીવંત વ્યક્તિ સભ્ય બની શકે છે. જે વ્યક્તિ કરાર કરવા અસમર્થ છે તેવી વ્યક્તિ સભ્ય બની શકે નહીં. દા.ત, સગીર, નાદાર, અસ્થિર મગજવાળી વ્યક્તિ. ભારતીય કાયદા મુજબ કેટલાક સંજોગોમાં સગીરની બાબતમાં અપવાદ સ્વીકારવામાં આવ્યો હોવાથી તે કંપનીનો સભ્ય બની શકે છે.

2. **પેઢીના ભાગીદારો (Partners of the Firm) :** ભાગીદારી પેઢી કાયદાની દૃષ્ટિએ "વ્યક્તિ ન હોવાથી તે સભ્ય બની શકે નહિ પરંતુ પેઢીનાં ભાગીદારો વ્યક્તિગત રીતે અથવા સંયુક્તપણે કંપનીનું સભ્યપદ મેળવી શકે છે.

3. **હિન્દુ અવિભક્ત કુટુંબ (Hindu Undivided Family) :** હિન્દુ અવિભક્ત કુટુંબમાં માત્ર કુટુંબનો કર્તા પોતાના કે સંયુક્ત નામે શેર ખરીદીને કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે.

4. **ટ્રસ્ટ (Trust) :** નવા કંપની ધારા મુજબ કોઈ પણ ટ્રસ્ટ કંપનીનાં શેર ખરીદીને સભ્ય બની શકે છે અને સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે.

5. **વિદેશી વ્યક્તિ (Foreigner) :** અન્ય દેશની કોઈ પણ વ્યક્તિ ભારતીય કંપનીના શેર ધારણ કરી સભ્ય બની શકે છે, પરંતુ જ્યારે ભારતમાં યુધ્ધકાલિન પરિસ્થિતિ કે કટોકટી જાહેર થાય ત્યારે તે વ્યક્તિ દુશ્મન દેશની હોય તો તેનું સભ્યપદ અને કંપની તરફથી મળતાં હકો સ્થગિત કરવામાં આવે છે.

6. **સંયુક્ત શેર ધરાવનાર (Joint Holder of share) :** જ્યારે બે કે તેથી વધુ વ્યક્તિઓ સંયુક્ત નામે કંપનીનાં શેર ખરીદે ત્યારે કંપનીનાં સભ્યપત્રકમાં સંયુક્ત નામ લખવામાં આવે છે. જેમનાં નામ સભ્યપત્રકમાં દર્શાવેલા હોય તેમની વ્યક્તિગત અને સંયુક્ત જવાબદારી ઉદ્ભવે છે. વહીવટી સરળતા ખાતર જેનું નામ પ્રથમ હોય તેના નામે કંપની પત્રવ્યવહાર કરે છે. નોટિસ, ડિવિડન્ડ વૉરંટ, પરિપત્ર, દસ્તાવેજ, શેર પ્રમાણપત્ર તેના જ સરનામે મોકલાવે છે.

7. **કંપની (Company) :** કંપની કાયદા દ્વારા અસ્તિત્વમાં આવેલી અલગ અને સ્વતંત્ર કૃત્રિમ વ્યક્તિ હોવાથી સભ્યપદ મેળવી શકે છે. કંપની પોતાનાં નિયમનપત્ર અનુસાર બીજી કંપનીનું સભ્યપદ મેળવી શકે છે. જેમાં નીચેની જોગવાઈઓનું પાલન થવું જરૂરી છે :

(1) કંપની પોતાના નિયમનપત્રના અનુસંધાનમાં જ અન્ય કંપનીનું સભ્યપદ મેળવી શકે છે.

(2) ગૌણ કંપની તેની શાસક કંપનીનું સભ્યપદ ન મેળવી શકે, પરંતુ નીચે જણાવેલ અપવાદરૂપ સંજોગોમાં તે કંપની શાસક કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે :

(a) શાસક કંપનીમાં કોઈ સભ્યનું અવસાન થાય અને ગૌણ કંપની કાયદેસરનાં પ્રતિનિધિ તરીકે શેર ધારણ કરે ત્યારે.

(b) ગૌણ કંપની કોઈ પણ સભ્યનાં ટ્રસ્ટી તરીકે હોદો ધરાવતી હોય અને આવા ટ્રસ્ટમાં કોઈ પણ હિતસંબંધ ન હોય ત્યારે.

(c) આ કાયદાના અમલ પહેલાં કોઈ ગૌણ કંપની શાસક કંપનીનું સભ્યપદ મેળવ્યા બાદ તે કંપનીઓ વચ્ચે સંબંધ સ્થાપિત થયો હોય ત્યારે.

8. **અન્ય સંસ્થાઓ (Other Institutions) :** સહકારી કાયદા મુજબ નોંધાયેલી સહકારી મંડળી કે અન્ય કાયદા હેઠળ નોંધાયેલી સંસ્થાઓ પોતાનાં બંધારણની જોગવાઈ અનુસાર કંપનીનાં શેર ખરીદીને સભ્ય બની શકે છે.

**2. કંપનીનું સભ્યપદ મેળવવાની વિવિધ રીતો જણાવો. (સ્વા.)(J-18)**

**ઉત્તર :** જે વ્યક્તિ કંપનીના શેર ધરાવતી હોય અને કંપનીના સભ્યપત્રકમાં જેનું નામ દાખલ કરવામાં આવ્યું હોય તે વ્યક્તિ કંપનીનો સભ્ય ગણાય છે અને તે સભ્યપદ પ્રાપ્ત કરે છે. કંપનીનું સભ્યપદ જુદી જુદી રીતે પ્રાપ્ત કરી શકાય છે. કંપનીનું સભ્યપદ પ્રાપ્ત કરવાની જુદી જુદી રીતો નીચે મુજબ છે :

1. **આવેદનપત્રમાં સહી દ્વારા (subscribing to the Memorandum of Association) :** કંપનીનાં આવેદનપત્રની સ્થાપનાની કલમમાં સહી કરનાર વ્યક્તિ નોંધણીનું પ્રમાણપત્ર મળેથી આપોઆપ સભ્ય બને છે. કંપનીમાં સભ્ય થવા માટે સભ્યની લેખિત સંમતિ અને સભ્યપત્રકમાં નામ હોવું તે પૂર્વશરત છે તેમ છતાં સ્થાપનાની કલમમાં સહી કરનારને આ શરત લાગુ પડતી નથી.

2. **શેર ફાળવણી દ્વારા (Living Person) :** કંપની વિજ્ઞાપનપત્ર દ્વારા જાહેર જનતાને શેર ભરણાં માટે જાહેર આમંત્રણ આપે છે. જેના અનુસંધાનમાં વ્યક્તિઓ શેર ખરીદવા માટે અરજી કરે છે. જેમની અરજી મંજૂર થાય ત્યારે તે અરજદારનું નામ સભ્યપત્રકમાં નોંધવામાં આવે છે. પરિણામે તે કંપનીના સભ્ય બને છે અને સભ્યપદ પ્રાપ્ત કરે છે.

3. **શેર ફેરબદલી દ્વારા (By Transfer of Share) :** જ્યારે કોઈ શેરહોલ્ડર પોતાના શેર અન્ય વ્યક્તિને વેચે ત્યારે શેર ફેરબદલીની વિધિને અનુસરીને શેર ખરીદનાર વ્યક્તિ કંપનીનું સભ્યપદ મેળવે છે. આવી શેર ફેરબદલી કંપની ધારાની જોગવાઈ અને કંપનીનાં નિયમનપત્રને આધિન કરી શકાય છે.

4. **કાયદાકીય હસ્તાંતરણ દ્વારા (By Transmission of Share) :** જ્યારે કોઈ શેરહોલ્ડરનું અવસાન થાય કે નાદાર અથવા અસ્થિર મગજનો જાહેર થાય ત્યારે કાયદાકીય પ્રક્રિયા દ્વારા ફરજિયાત ફેરબદલી આવશ્યક બને છે. આવા સંજોગોમાં તેનાં વારસદાર કે કાયદેસરનાં પ્રતિનિધિ સભ્ય બને છે. પરિણામે તેમનું નામ સભ્યપત્રકમાં દાખલ થતાં સભ્યપદ મેળવે છે. કાયદાકીય પ્રક્રિયા દ્વારા થતી ફેરબદલી માટે કંપની સમક્ષ પોતાનાં અધિકારપત્ર રજૂ કરવા પડે છે.

5. **અવેજ તરીકે મેળવેલ શેર દ્વારા (By Share Aquired for Consideration Other than Cash) :** કંપની અસ્તિત્વમાં આવે અને ધંધો શરૂ કરે ત્યાં સુધીમાં અનેક નિષ્ણાત વ્યક્તિઓની સેવા લેવી જરૂરી બને છે. આવી સેવા આપનાર વ્યક્તિઓની તેમની સેવા કે કામગીરીનાં મહેનતાણાં બદલ પૂર્ણ ભરપાઈ થયેલા શેર કંપની અવેજમાં આપે છે, પરિણામે તે વ્યક્તિનું નામ સભ્યપત્રકમાં નોંધવામાં આવે છે અને સભ્યપદ મેળવે છે.

6. **સભ્ય તરીકેનો ખોટો દેખાવ કરીને (By Estoppel or Holding out) :** જ્યારે કોઈ સભ્ય પોતાનાં શેર અન્યને વેચે ત્યારે તેના સભ્યપદનો અંત આવે છે. તેની પાસે સભ્યપદ ન હોવા છતાં તે (1) કંપનીનાં સભ્યપત્રકમાં નામ

ચાલુ રહેવા દે (2) પોતે સભ્ય છે તેવો દેખાવ કરે (3) આભાસી વર્તન દ્વારા સભ્ય તરીકેનાં હકનો ઉપયોગ કરે અને પરિણામે સભ્ય તરીકેની જવાબદારી ઉદ્દ્ભવે ત્યારે વર્તમાનમાં તે સભ્ય નથી તેવી દલીલ કરે તે માન્ય ગણાતી નથી. કારણ કે કાયદાની દૃષ્ટિએ તેને સભ્ય તરીકેનાં હક મળતાં નથી, પરંતુ સભ્ય તરીકે જવાબદાર બને છે.

7. **ત્યાગપત્રનો ઉપયોગ કરીને (By Execution of Form of Renunciation) :** વર્તમાન શેરહોલ્ડરને હકનાં શેર ખરીદવા માટે મળેલ હકનો સંપૂર્ણ કે આંશિક રીતે અન્યની તરફેણમાં જતો કરે ત્યારે ત્યાગપત્રનો ઉપયોગ કરે છે. ત્યાગપત્રને આધારે જે વ્યક્તિનું નામ દર્શાવેલ હોય તે શેરહોલ્ડર બને છે અને કંપનીને સભ્યપત્રકમાં નામ નોંધાવવા માટે વિનંતી કરે છે. કંપની તેને માન્ય કરી સભ્યપત્રકમાં નામ નોંધે ત્યારે તેને સભ્યપદ પ્રાપ્ત થાય છે.

8. **રૂપાંતરપાત્ર ડિબેન્ચરધારક દ્વારા (By Convertible Debenture Holder) :** જે ડિબેન્ચરધારક પાસે રૂપાંતરપાત્ર ડિબેન્ચર હોય અને નિશ્ચિત મુદ્દતે ડિબેન્ચર ઈક્વિટી શેરમાં રૂપાંતર પામે ત્યારે તે ડિબેન્ચરધારક ઈક્વિટી શેર ધારણ કરવાથી સભ્ય બને છે અને સભ્યપત્રકમાં તેનું નામ દાખલ કરવામાં આવે છે.

9. **સ્વેટ ઈક્વિટી શેર દ્વારા (By Sweat Equity share) :** કંપની તેના સંચાલકો, કર્મચારીઓ અને વિશિષ્ટ જ્ઞાન ધરાવતાં કર્મચારીઓને વટાવથી અથવા રોકડ સિવાયનાં અવેજથી જે શેર ફાળવે છે તેને સ્વેટ ઈક્વિટી શેર કહે છે. આ પ્રકારનાં શેરધારકનું નામ સભ્યપત્રકમાં નોંધ કરવાથી સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે.

**3. સભ્યપદનાં અંતના સંજોગો જણાવો. (સ્વા.)(M-18)(M-19)**

**ઉત્તર :** જ્યારે કંપનીનાં સભ્યપત્રકમાંથી સભ્યનું નામ રદ થાય ત્યારે તે વ્યક્તિનાં સભ્યપદનો અંત આવે છે. આ અંગેનાં વિવિધ સંજોગો નીચે મુજબ દર્શાવી શકાય :

1. **શેર ફેરબદલી દ્વારા (By Transfer of Share) :** કંપનીનો સભ્ય પોતાનાં તમામ શેર અન્ય કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓને વેચે ત્યારે શેરની ફેરબદલીની પ્રક્રિયાને આધારે શેર વેચનારનું નામ સભ્યપત્રકમાંથી રદ થાય છે પરિણામે વેચનારનાં સભ્યપદનો અંત આવે છે.

2. **કાયદાકીય હસ્તાંતરણ દ્વારા (By Transmission of share) :** જ્યારે કોઈ સભ્યનું અવસાન થાય, નાદાર કે અસ્થિર મગજનો જાહેર થાય ત્યારે કાયદાની પ્રક્રિયા દ્વારા શેરની માલિકી તેનાં કાયદેસરનાં પ્રતિનિધિને મળે છે, પરિણામે મૂળ સભ્યનાં સભ્યપદનો અંત આવે છે.

3. **શેર જપ્તી દ્વારા (By Forfeiture of Share) :** કંપનીએ શેર પરનાં હપતા મંગાવ્યા હોય અને નિયત મુદ્દતમાં શેરહોલ્ડર હપતાની રકમ ન ભરે ત્યારે યોગ્ય કાર્યવાહી બાદ તેના શેર જપ્ત કરવામાં આવે છે, પરિણામે તે શેરહોલ્ડરનું નામ સભ્યપત્રકમાંથી રદ થતાં સભ્યપદનો અંત આવે છે. જોકે શેર જપ્તી અંગેની જોગવાઈ કંપનીનાં નિયમનપત્રમાં હોવી જરૂરી છે.

4. **શેર લિયનનાં હકનો ઉપયોગ કરે ત્યારે (By Exercise of Lien on Share) :** કંપનીનાં નિયમનપત્રમાં શેર લિયન અંગેની જોગવાઈ હોય તો કંપની પોતાની લેણી રકમ વસૂલ કરવા માટે શેરહોલ્ડરને નોટિસ આપે છે. જ્યારે કંપની શેર લિયનનાં હકનો ઉપયોગ કરી પોતાનું લેણું વસૂલ કરવા શેરહોલ્ડરનાં શેર વેચી દે ત્યારે તેનાં મૂળ શેરહોલ્ડરનાં સભ્યપદનો અંત આવે છે.

5. **રિડીમેબલ પ્રેફરન્સ શેરનાં નાણાં પરત કરે ત્યારે (By Redemption of Redeemable Prefer ence Share) :** કંપનીએ રિડીમેબલ પ્રેફરન્સ શેર બહાર પાડ્યા હોય અને શરત અનુસાર મુદ્દત પૂરી થતાં કંપની શેર પરત લઈ નાણાં ચૂકવી આપે છે, પરિણામે શેરહોલ્ડરનાં સભ્યપદનો અંત આવે છે.

6. **શેર વહેંચણી રદ કરાવે ત્યારે (By Making Share Allotment Void) :** કંપની ધારામાં જણાવેલ નિયમિત શેર વહેંચણી માટેની જોગવાઈઓનો ભંગ થતો હોય ત્યારે અસર પામતા શેરધારકો શેર વહેંચણી રદ કરાવે છે, જેથી તેઓનાં સભ્યપદનો અંત આવે છે.

7. **કંપની સમેટી લેવામાં આવે ત્યારે (By Liquidation/Winding up of Company) :** કંપની

પોતાનો ધંધો બંધ કરે કે સમેટી લે અથવા ફડચામાં જાય ત્યારે કંપનીનાં અંત સાથે જ સભ્યપદનો અંત આવે છે.

8. **કંપનીઓના સંયોજન જોડાણ દ્વારા (By Amalgamation/Merger of Companies) :** જ્યારે બે કંપનીઓ પૈકી કોઈ એક કંપનીનું બીજી કંપનીમાં સંયોજન થાય અથવા બે કંપનીઓ જોડાણ કરી નવી કંપની સ્થાપે ત્યારે અસ્તિત્વ ગુમાવનાર કંપનીનાં સભ્યોનાં સભ્યપદનો અંત આવે છે. જોકે અસ્તિત્વ ગુમાવનાર કંપનીનાં સભ્યો સૂચિત શરતોને આધીન નવી કંપનીનું સભ્યપદ મેળવી શકે છે.